# આર વાડીવાલા ને પેમેન્ટ ની ચૂકવણી કરવા બાબત – સવાલ જવાબ


| # | Description | Page No. |
|---|---|---|
| 01 | સામાન્ય | 2 |
| 02 | ચેક જમા કરવો –એચડીએફસી બેંક માં ડાયરેક્ટ અથવા તો અમારી શાખા પર કે સબ બ્રોકર ને | 3 |
| 03 | NEFT / RTGS | 4 |
| 04 | ડાયરેક્ટ ખાતા માં થી ઉધાર ACH / પધ્ધતિ | 5 |
| 06 | પેમેન્ટ ગેટવે | 7 |

# સામાન્ય

## આર વાડીવાલા ને ચુકવણી કરવા માટે ના વિવિધ માર્ગ કેટલા પ્રકારના છે ?

| | |
|---|---|
| ચેક ડીપોઝીટ | ૧ તમે ચેક અમારી શાખા પર કે સબ બ્રોકર ને જમા કરાવી શકો છો અથવા તો .<br>૨.તમે ચેક અમારી બેંક માં સીધો જમા કરાવી શકો છો . |
| નેફ્ટ અને RTGS | તમે ઓનલાઈન બેન્કીંગ નો ઉપયોગ કરીને તમારી બેંક માં થી સીધા આર વાડીવાલા ના બેંક ખાતા માં રકમ જમા કરાવી શકો છો . |
| પેમેન્ટ ગેટવે | ઓનલાઈન પેમેન્ટ – તમે પેમેન્ટ ગેટવે પ્લેટફોર્મ પર લોગઈન કરીને<br>૧વેબ બેસ ટ્રેડીંગ પ્લેટફોર્મ પ મોબાઇલ એપ્પ પરથી કે .થી<br>૨વેબ અને મોબાઈલ એપ્પ માંથી ક્લાયન્ટ બેક ઓફીસ માંથી લોગઈન કરીને કરી શકો છો. |
| બેંક / mandateડાયરેક્ટ ડેબિટ | તમારે માત્ર નિશ્ચિત બેંક નો નિર્દેશ કરવાનો છે અમે ACH પધ્ધતિ મારફત તમારી બેંકમાંથી નિશ્ચિત રકમ લઇ લઈશું . |

## પેમેન્ટ કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો

પેમેન્ટ હમેશા તમારી રજીસ્ટર બેંક માંથી જ ચુકવવાનું રેહેશે. તમારી રજીસ્ટર બેંક એટલે અમારી સાથે તમે ખોલાવેલા ખાતા માં જે બેંક આપેલી હોય તે .જો તમારે બીજી બેંક માંથી પેમેન્ટ કરવું હશે તો તમારે નવી બેંક અમારી પાસે રજીસ્ટર કરાવી પડશે. તમે અહી ક્લીક કરીને નવી બેંક રજીસ્ટર કરવા માટેનું ફોર્મ મેળવી શકશો.તમારા નામ સાથેના તમામ બેંક ખાતા તમે રજીસ્ટર કરાવી શકશો , તેમાં કોઈ મર્યાદા નથી .

### શું હું અનરજીસ્ટર બેંક ખાતા માંથી પેમેન્ટ કરી શકું ?

સેબી ના નિયમ પ્રમાણે તમે માત્ર રજીસ્ટર બેંક માંથી જ ચૂકવણી કરી શકો છો.જેથી જો તમે અનરજીસ્ટરબેંક ખાતા માંથી ચૂકવણી કરશો તો તમારી ખાતાવાહી માં તે યોગ્ય રીતે દેખાશે નહિ . તમે બેંક મોડીફીકેશન ફોર્મ માં જરૂરી પુરાવા જેવા કે લેટેસ્ટ બેંક પાસબૂક / સ્ટેટમેન્ટ /કેન્સલ ચેક આપીને બેંક અપડેટ કરાવશો તે પછી જ તમારા ખાતા માં જમા દેખાશે.

### જો હું જે સેગમેન્ટમાં ઉધાર છે તેને બદલે બીજી સેગમેન્ટ ની બેંક માં પેમેન્ટ કરી દઉં તો શું થશે ?

જો તમે બીજા સેગમેન્ટમાં પેમેન્ટ કરી દીધું હશે તો અમે દિવસ ના અંતે જે સેગમેન્ટમાં ઉધાર હશે ત્યાં તમારું બેલેન્સ ટ્રાન્સ્ફર કરી દઈશું . આ માટે તમારે કોઈવિધિ કરવી પડશે નહિ .

જો કે તમે આર વાડીવાલા સિક્યુરિટીસ ના બદલે આર વાડીવાલા કોમોડિટી માં પેમેન્ટ કરી દીધું હશે તો તમારે ફંડ રીલીઝ કરવાની રિક્વેસ્ટ કરવી પડશે અને જે કંપની માં તમારી ઉધાર હશે ત્યાં તમારી રકમ ટ્રાન્સ્ફર કરવી પડશે.

# ચેક ડીપોઝીટ

## સીધા HDFC  BANK માં અથવા તો અમારી શાખા પર કે સબ બ્રોકર ને ત્યાં

### ૧.ચેક ડીપોઝીટ કરતી વખતે શેની કાળજી રાખવી.

અ  . શાખા પર કે સબ બ્રોકર ને ત્યાં જયારે તમે ચેક ભરવા જાવ ત્યારે હમેશા ચેક એકાઉન્ટ પેઇ કરીને અને કંપની નું નામ લખીને જ આપો. કોઈ સ્ટાફ મેમ્બર કે સબ બ્રોકર ને પણ ખાલી ચેક આપવો નહિ.

બ . તમારા ચેક ની પાછળ તમારો ટ્રેડીંગ કોડ લખવાનું ભૂલશો નહિ .

### ૨. હું આર વાડીવાલા ની બેંક માં ડાયરેક્ટ ચેક કેવી રીતે જમા કરાવી શકું ?

અમારા બેંક ખાતા માં ડાયરેક્ટ ચેક જમા કરવા માટે HDFC BANK ની CMS સ્લીપ નો ઉપયોગ કરવો .

તેમજ ખાસ બનાવેલા આલ્ફાન્યુમેરિક બેંક  એકાઉન્ટ નંબર નો ઉપયોગ કરવો , નહિ કે ૧૬ આંકડા નો આંકડાકિય  એકાઉન્ટ નંબર. તમારા ચેક ની પાછળ તમારો ટ્રેડીંગ કોડ (UCC)  લખવાનું ભૂલશો નહિ .

### 3.CMS એકાઉન્ટ માં ચેક ભરતી વખતે મારે રેગ્યુલર ડિપોઝીટ સ્લીપ ભરવાની રેહશે ?

ના તમારે CMS એકાઉન્ટ માં ચેક કરાવતી વખતે રેગ્યુલર ડિપોઝીટ સ્લીપ ને બદલે HDFC બેંક માં થી આપવામાં આવતી ખાસ અલગ સ્લીપ ભરવાની રેહશે .

# નેફ્ટ અને RTGS

### શું નેફ્ટ અને RTGS ના દ્વારા પેમેન્ટ કરતી વખતે કોઈ અલગ ચાર્જ આપવો પડશે ?

ના તેમાં બેંક દ્વારા લેવામાં આવતા ચાર્જ સિવાય કોઈ અલગ  ચાર્જ આપવાનો થશે નહિ .

### નેફ્ટ અને RTGS દ્વારા ફંડ ટ્રાન્સ્ફર કઈ રીતે કરી શકાય ?

ઓનલાઈન બેન્કિંગ સેવા નો ઉપયોગ કરીને નેફ્ટ અને RTGS કરી શકો છો . તમારી ઓનલાઈન બેન્કિંગ સિસ્ટમ માં બેનીફિસ્યરી લીસ્ટ માં અમારી બેંક એડ કરીને એક્ટીવેટ કરાવાની રેહશે . એક વાર તમારા  બેનીફિસ્યરી લીસ્ટ માં અમારી બેંક એડ થઇ જાય એટલે ગમે તે સમયે ફંડ ટ્રાન્સ્ફર કરી શકશો.

### રજાઓમાં શું હું નેફ્ટ અને RTGS દ્વારા ફંડ ટ્રાન્સ્ફર કરી શકું ?

નેફ્ટ ટ્રાન્ઝેક્શન રજાઓમાં અને રવિવારે સ્વીકારવામાં આવે છે. (RBI નક્કી કરેલી રજાઓ અને રવિવાર) પરંતુ હકીકત માં ઉધાર અને ટ્રાન્ઝેક્શન બીજા વર્કિંગ દિવસે જ થશે .

### નેફ્ટ અને RTGS દ્વારા ફંડ ટ્રાન્સ્ફર કરવા માટે કઈ બેંક ડિટેલ નો ઉપયોગ કરવો ?

નેફ્ટ અને RTGS ના દ્વારા પેમેન્ટ કરવા માટે નીચે જણાવેલી વિગતોનો ઉપયોગ કરવો . ખાસ નોંધ રાખજો કે અમારી પાસે ખાસ બનાવેલા આલ્ફાન્યુમેરિક બેંક  એકાઉન્ટ નંબર છે નહિ કે ૧૬ આંકડા નો આંકડાકિય   એકાઉન્ટ નંબર.

ડાયરેક્ટ ડેબિટ ફેસિલિટી / ACH સીસ્ટમ

# પેમેન્ટ ગેટવે

### ૧. પે-નેટ્ઝ શું છે ?
આર વાડીવાલા પે-નેટ્ઝ મારફતે તમારી બેંક માં થી સલામતપણે તમારી રજીસ્ટરડ  બેંક માંથી ફંડ ટ્રાન્સ્ફર કરી શકો છો.

### ૨. હું આ સગવડ નો કઈ રીતે ઉપયોગ કરી શકું ? પેમેન્ટ ગેટવે દ્વારા ફંડ ટ્રાન્સ્ફર કર્યા પછી શું હું તરત જ લીમીટ મેળવી શકું છુ ?
* પેમેન્ટ ગેટવે ના ટ્રેડ એન્જીન નો ઉપયોગ કરીને ફંડ ટ્રાન્સ્ફર
તમે અમારી વેબ કે મોબાઇલ ટ્રેડીંગ એપ્પ માં લોગઈન કરીને ફંડ  ટ્રાન્સ્ફર ટેબ દ્વારાપેમેન્ટ કરી શકો છો . આ રીતે તમે ટ્રાન્સ્ફર કરેલા ફંડ પર તરત જ તમને લીમીટ મળી જશે . જો કે તે તમારી  ખાતા વહી માં દિવસ ના અંતે અથવા તો ૨૪ કલાક માં દેખાશે.
*વેબ અને એપ્પ પરથી બેક ઓફીસ નો ઉપયોગ કરીને ફંડ ટ્રાન્સ્ફર
તમે બેક ઓફીસ અને મોબાઈલ એપ્પ વડે લોગઈન થઈને ફંડ ટ્રાન્સ્ફર કરી શકો છો. આવા કેસ માં તમારી ટ્રેડીંગ લીમીટ ઓટોમેટીક બીજા ટ્રેડીંગ દિવસે અપ ડેટ થઇ જશે. જો કે તમારે લીમીટ ની જરૂર હશે તો તમારે તમારા RM ને ફોન કરવાનો રેહશે , તમારો RM રિસ્ક મેનેજમેન્ટ ટીમ પાસે તમારી લીમીટ મેન્યુઅલી અપ ડેટ કરાવી દેશે .

### ૩.ઓનલાઈન ફંડ ટ્રાન્સ્ફર માટે કોઈ ચાર્જ આપવો પડશે ?
ના ઓનલાઈન ફંડ ટ્રાન્સ્ફર માટે કોઈ ચાર્જ નથી .

### ૪.શું હું ફંડ ટ્રાન્સ્ફર માટે ક્રેડિટ કે ડેબિટ કાર્ડ નો ઉપયોગ કરી શકું ?
ના ફંડ ટ્રાન્સ્ફર માટે ક્રેડિટ કે ડેબિટ કાર્ડ માન્ય નથી .તમારી રજીસ્ટરડ  બેંક માંથી ઓનલાઈન બેન્કીંગ વડે જ તમે ફંડ ટ્રાન્સ્ફર કરી શકો છો.

### ૫.શું ફંડ ટ્રાન્સ્ફર માટે લઘુત્તમ કે મીનીમમ લીમીટ હોય છે ?
ના , ફંડ ટ્રાન્સ્ફર માટે કોઈ લઘુત્તમ કે મીનીમમ લીમીટહોતી નથી.

### ૬.શું હું રજાઓમાં ફંડ ટ્રાન્સ્ફર કરી શકું છુ ?
ફંડ  ટ્રાન્સ્ફર રજાઓમાં અને રવિવારે સ્વીકારવામાં આવે છે. (RBI નક્કી કરેલી રજાઓ અને રવિવાર) પરંતુ હકીકત માં ઉધાર અને  ટ્રાન્ઝેક્શન બીજા વર્કિંગ દિવસે જ થશે .

### ૭.ઓનલાઈન ફંડ ટ્રાન્સ્ફર સલામત હોય છે ?
આર વાડીવાલા સિક્યુરિટીઝ / આર વાડીવાલા કોમોડીટી પ્રાઈવેટ લિમીટેડ  ATOM Technologies ના પ્લેટફોર્મ કે જે ભારત ના અને દુનિયા ના ૪૫૦૦ થી વધુ વિવિધ પ્રકાર ના સેકટર માં સેવા આપે છે તેના ધ્વારા  સરળ અને સલામત  પેમેન્ટ ગેટવે નો ઉપયોગ કરે છે .

### ૮.ટ્રાન્ઝેક્શન સફળ થયું છે કે નિષ્ફળ તે કઈ રીતે જાણી શકાય ?
આર વાડીવાલા સિક્યુરિટીઝ / આર વાડીવાલા કોમોડીટી પ્રાઈવેટ લિમીટેડ  ઈ મેલ અને SMS મારફતે તમારા સફળ કે નિષ્ફળ ટ્રાન્ઝેક્શન ની જાણ તમને કરશે.

### ૯.કોઈ પણ પ્રકારના પ્રશ્ન માટે મારે કોનો સંપર્ક કરવાનો રેહશે ?

તમે અમારા કસ્ટમર કેર વિભાગ માં ૦૨૬૧-૬૬૭૩૫૦૦ પર સંપર્ક કરી શકો છો અથવા તો support@rwadiwala.com પર ઈમૈલ કરી શકો છો .

## ACH / ડાયરેક્ટ ડેબિટ

### ACH સીસ્ટમ શું છે ?

ACH સીસ્ટમ એટલે તમે તમારા બેંક ખાતા માંથી ફંડ ઉપાડવા માટે બીજાને બેંક મેન્ડેટ કે સત્તા આપો છો .

### મારા બેંક ખાતા માં થી રકમ કે રીતે ડેબિટ થશે ?

તમારા દ્વારા આપવામાં આવતો ACH મેન્ડેટ અમે તમારી બેંક માં રજીસ્ટ્રેસન માટે મોકલીશું . તમારી બેંક માંથી કન્ફર્મ થયા પછી અમને તમારા ખાતામાંથી પેમેન્ટ મેળવવાની સત્તા મળશે.જો કે તે નક્કી કરેલી રકમ અને નક્કી કરેલા ચોક્કસ સમય પુરતું જ મર્યાદિત રેહશે.

### ડાયરેક્ટ ડેબિટ ફેસિલિટી નો ઉપયોગ કરવામાં શું કોઈ ચાર્જ લાગે છે ?

ના , ACH સીસ્ટમ નો ઉપયોગ કરીને મેળવવામાં આવતા પેમેન્ટ માં અમે કોઈ ચાર્જ લગાવતા નથી. આ ચાર્જ આર વાડીવાલા પોતે ભોગવે છે .

### મારા ખાતા માં કેટલી રકમ ઉધાર થશે તે હું કઈ રીતે જાણી શકું ?

તમારા ખાતા માં ઉધાર કરતા પેહલા અમે તમને તમારા રજીસ્ટરડ મોબાઇલ પર ઉધાર ને લગતી વિગત નો SMS મોકલવામાં આવશે. જો તમને કોઈ સમસ્યા જણાય તો તમે અમારા કસ્ટમર કેર વિભાગ માં ૦૨૬૧-૬૬૭૩૫૦૦ પર સંપર્ક કરી શકો છો અથવા તો support@rwadiwala.com પર ઈમૈલ કરી શકો છો .